Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ભારતમાં ગ્રામીણ સ્વચ્છતા

ડૉ. હિતેશ એન. જાગાણી
મદદનીશ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર-382620 (ગુજરાત) મો. 9428108588 ઈ-મેઈલ-hitesh28jagani@gmail.com

**સારાંશ: શહેરોની સરખામણીએ ભારતમાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાની સ્થિતિ ખરાબ જોવા મળે છે. સ્વચ્છતા એ દેશની સામાજિક અને આર્થિક વિકાસનો એક અગત્યનો માપદંડ છે. સરકારે લોકોને પોતાના આસપાસના પર્યાવરણને સ્વચ્છ રાખવા તથા ભાગીદાર બનાવવા રાષ્ટ્ર વ્યાપી સ્વચ્છતા અભિયાન ઉપાડવામાં આવેલ છે. પ્રસ્તુત શોધપત્રનો હેતુ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ જાણવાનો છે. ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત ભારત સરકાર દ્વારા પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન 1954 માં થઇ હતી. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં 67.3 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે. જ્યારે શહેરમાં 12.6 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે. સ્વચ્છતાની ખરાબ સ્થિતિના લીધે ગ્રામીણ સમુદાયના લોકો પર માઠી અસર થાય છે. ભારતીય સંદર્ભમાં ખુલ્લામાં શૌચ માટે ઘણા કારણો જવાબદાર છે. ભારતને સ્વચ્છ બનાવવા માટે પાયાગત માળખાના વિકાસની સાથેસાથે સૌથી મહત્વપૂર્ણ પડકારજન્ય કાર્ય સ્વચ્છતા પ્રત્યે લોકોની માનસિકતા બદલવાનું છે.**

**ચાવીરૂપ શબ્દો : સ્વચ્છતા, ખુલ્લામાં શૌચ, ખુલ્લામાં શૌચ મુક્ત**

**1. પ્રસ્તાવના**

ગુજરાતીમાં એક કહેવત છે કે, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' અને 'ગંદકી ત્યાં માંદગી'. માનવ સભ્યતામાં શરૂઆતથી જ ખુલ્લામાં હાજત જવાની ટેવ જોવા મળે છે. ભારતમાં સદીઓથી લાખો લોકોની જીવનશૈલીનો હિસ્સો રહેલ છે. શૌચાલયના બદલે ખુલ્લામાં શૌચ – બહાર શૌચ કરવાની માનવ પ્રથા તથા વ્યવહાર છે. લોકો ખેતર, જંગલ, ઝાડ, શેરીઓ, નદી, તળાવ, રેલ્વે ટ્રેક, જાહેર અથવા અન્ય ખુલ્લી જગ્યામાં શૌચ માટે જતા હોય છે. ખુલ્લામાં શૌચ એ ખૂબ જ પ્રાચીન પ્રથા છે. પ્રાચીનકાળમાં ખુલ્લી જગ્યા વધુ હતી અને વસ્તી ગીચતા ઓછી હતી. એ સમયે એવું માનવામાં આવતું હતું કે ખુલ્લામાં શૌચ ઓછું નુકસાનકારક છે. પરંતુ હાલના સમયમાં ખુલ્લી જગ્યા ઓછી થતી જાય છે અને વસ્તી ગીચતા વધુ છે. એટલે ગંદકીની સમસ્યા વધુ છે. વિકાસ અને શહેરીકરણના લીધે ખુલ્લામાં શૌચ એ મોટો પડકાર બની ગયો છે અને માનવ ગૌરવનો પ્રશ્ન બની ગયો છે. તેથી સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેથી વૈશ્વિક સ્તરે ખુલ્લામાં શૌચની સમસ્યા તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે.

**UN દ્વારા 19 નવેમ્બરને વિશ્વ ટોઇલેટ દિવસ તરીકે મનાવવામાં આવે છે.** સમગ્ર વિશ્વમાં 2013 થી વિશ્વ ટોઇલેટ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત થઇ. ઉચ્ચ સ્તરીય પ્રવચનમાં ખુલ્લામાં શૌચ (Open Defecation - OD) નો પ્રથમવાર પ્રયોગ કરવામાં આવેલ. જેણે વૈશ્વિક સ્તરે લોકોનું ધ્યાન આકર્ષિત કરવામાં મદદ કરી. સ્વચ્છતા એ સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (MDG) ના મહત્વના

લક્ષ્યાંકોમાંનું એક મહત્વનું લક્ષ્યાંક છે. જેમાં માનવ મળ-મૂત્ર, ઘરેલુ અને ગંદુ પાણી, જોખમી પદાર્થોના વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. ગ્રામીણ સ્વચ્છતા એ ગ્રામ વિકાસની મહત્વની પ્રવૃત્તિ છે. સ્વચ્છતા એ એક અધિકાર છે અને સાથે-સાથે મૂળભૂત માનવ અધિકાર પણ છે. જુલાઇ, 2010 માં યુનાઇટેડ નેશન્સની સામાન્ય સભાના ખતપત્રમાં જણાવવામાં આવેલ કે પાણી અને સ્વચ્છતા એ મૂળભૂત માનવ અધિકાર છે.

શહેરોની સરખામણીએ ભારતમાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાની સ્થિતિ ખરાબ જોવા મળે છે. ગામડામાં ખુલ્લામાં હાજત માટે ગામના લોકો દ્વારા એવું જણાવવામાં આવે છે કે આ અમારી પરંપરા છે. ખુલ્લામાં હાજતે જઇ તેના પર માટી વાળી દેવામાં આવે છે. આ રીતે તે વિઘટન પામે છે. ઘર પણ હાજતના સ્થાનથી દૂર હતા. આ પરંપરાગત પદ્ધતિ વધુ વસ્તી અને ઓછી જમીનના લીધે તમામ લોકો માટે શક્ય નથી. છેલ્લા હજારો વર્ષોથી લોકોના આ પ્રકારના વર્તનમાં પરિવર્તન આવ્યું નથી. સરકાર, એન.જી.ઓ., શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી લોકોએ શૌચાલયના ઉપયોગની શરૂઆત કરી છે પરંતુ, તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

ભારતીય બંધારણ અનુસાર ભારત એક કલ્યાણ રાજ્ય છે. કલ્યાણ રાજ્ય હોવાના નાતે લોકોને પાયાની સુવિધા પૂરી પાડવાની જવાબદારી પણ રાષ્ટ્રની છે. આઝાદી બાદ ભારત સરકાર દ્વારા ગ્રામ વિકાસ માટે ઘણા કાર્યક્રમોની શરૂઆત કરી પહેલ કરવામાં આવી. શરૂઆતમાં કાર્યક્રમો કલ્યાણકારી હતા બાદમાં વિકાસલક્ષી કાર્યોની શરૂઆત કરવામાં આવી, હવે સશક્તિકરણ પર વધુ ભાર મૂકવામાં આવે છે. સ્વચ્છતા એ દેશની સામાજિક અને આર્થિક વિકાસનો એક અગત્યનો માપદંડ છે.

**2. હેતુ અને પદ્ધતિશાસ્ત્ર**

પ્રસ્તુત શોધપત્રનો હેતુ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ જાણવાનો છે. આ માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રામીણ સ્વચ્છતા માટેના પ્રયાસો, ગ્રામીણ ભારતમાં સ્વચ્છતાની આંકડાકીય હકીકતો, ખરાબ સ્વચ્છતાની સ્થિતિની ગ્રામીણ સમુદાય પર અસરો, ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતાની નબળી સ્થિતિ માટે કારણો અને પડકારો અને ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિમાં સુધારણા લાવવાના ઉપાયોની વિશદ ચર્ચા પ્રસ્તુત શોધપત્રમાં કરવામાં આવી છે. આ માટે સંશોધન અભ્યાસો, લેખો, સરકારી અહેવાલો, વસ્તી ગણતરીના અહેવાલો વગેરેને ગૌણ માહિતીના સ્ત્રોત તરીકે લઇને માહિતીની રજૂઆત કરવામાં આવી છે.

**3. ચાવીરૂપ શબ્દો**

**3.1 સ્વચ્છતા**

યુ.એન. અને ડબલ્યુ.એચ.ઓ. ના સંયુક્ત દેખરેખ કાર્યક્રમ અનુસાર પાણી પુરવઠો અને સ્વચ્છતાના સંદર્ભમાં સુધારેલ સ્વચ્છતા એટલે માનવ સંપર્કથી આરોગ્યપ્રદ રીતે માનવ મળને દૂર કરવાની ક્રિયા. પરિણામે માનવીય આરોગ્યના જોખમોને ઘટાડે છે.

સલામત સ્વચ્છતામાં માનવ મળ-મૂત્રના સલામત નિકાલની વ્યવસ્થાને ઉત્તેજનની સાથે-સાથે શૌચાલયનો યોગ્ય ઉપયોગ, ખુલ્લામાં હાજતે જવાનું ટાળવું અને ઘન તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવું. ખરાબ સ્વચ્છતાની સ્થિતિના લીધે રોગ, બાળકોના મૃત્યુ, આરોગ્ય ખર્ચમાં વૃદ્ધિ

અને માનવ ગૌરવ હણાય છે. મંત્રાલય દ્વારા વ્યાખ્યાયિત રીતે સલામત તકનીકી દ્વારા વિકલ્પ પસંદગી કરી મળનો નિકાલ કરવામાં આવે.

સ્વચ્છતા એટલે જોખમી કચરાનો માનવ સાથેના સંપર્કથી અટકાયત.

સ્વચ્છતા એટલે માત્ર કચરાની ગેરહાજરી અથવા આસપાસ ફેલાયેલ ન હોય પરંતુ, તેની સાથે-સાથે શૌચાલયની સુવિધા ધરાવતા હોય, સલામત પેયજળ અને ગટરની સુવિધાનો તેમાં સમાવેશ હોય. **સ્વચ્છતામાં વર્તનના મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે. જેવી કે શૌચાલયનો ઉપયોગ, હાથ ધોવા, માળખાકીય સવલતની ઉપલબ્ધતા, સલામત સ્વચ્છતા પ્રેક્ટિસના માધ્યમથી માનવ સંપર્કમાં, ગંદકી ન આવે, સારી જીવનની ગુણવત્તા અને સ્વચ્છ પર્યાવરણ વગેરે.**

**3.2 ખુલ્લામાં શૌચ મુક્ત (ODF)**

ખુલ્લામાં શૌચના બદલે શૌચાલયનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવે. ખુલ્લામાં શૌચનો અંત. ટકાઉ વિકાસના લક્ષ્ય નંબર - 6 ની પ્રગતિ માટે અગત્યના માપદંડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**3.3 ખુલ્લામાં શૌચ (Open Defecation)**

2008 પછીથી ખુલ્લામાં શૌચ શબ્દનો પ્રયોગ પાણી, સ્વચ્છતા અને આરોગ્ય (WASH) ના સંદર્ભમાં કરવામાં આવ્યો. પાણી પુરવઠા અને સ્વચ્છતા માટેનો સંયુક્ત કાર્યક્રમ અને યુ.એન. દ્વારા ઘોષિત કરવામાં આવેલ આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા વર્ષના લીધે ખુલ્લામાં શૌચ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ડબલ્યુ.એચ.ઓ અને યુનિસેફ ના સંયુક્ત દેખરેખ હેઠળ ટકાઉ વિકાસના ધ્યેય નંબર-6 ના પાણી અને સ્વચ્છતાના લક્ષ્યાંકની દેખરેખ રાખવાનો છે. દેખરેખ હેતુ માટે બે શ્રેણી પાડવામાં આવી છે (1) સુધારેલ સ્વચ્છતા અને (2) બિનસુધારેલ સ્વચ્છતા. ખુલ્લામાં શૌચ બિનસુધારેલ સ્વચ્છતામાં આવે છે. આનો અર્થ એ થાય છે કે ખુલ્લામાં શૌચ કરતા લોકો પાસે સુધારેલ સ્વચ્છતાની સુવિધા નથી. સ્વચ્છતા સામાન્ય રીતે માનવ મળ અને મૂત્રના સલામત નિકાલ માટે સુવિધાઓ અને સેવાઓની જોગવાઇઓનો ઉલ્લેખ કરે છે. સ્વચ્છતાને લગતી પરિસ્થિતિ જાળવવાનો ઉલ્લેખ કરે છે. જેવી કે, કચરાનો સંગ્રહ, ગંદા પાણીનો નિકાલ (WHO).

**4. ભારતમાં ગ્રામીણ સ્વચ્છતા માટેના પ્રયાસો – કાર્યક્રમો અને યોજનાઓ**

સરકારે લોકોને પોતાના આસપાસના પર્યાવરણને સ્વચ્છ રાખવા તથા ભાગીદાર બનાવવા રાષ્ટ્ર વ્યાપી સ્વચ્છતા અભિયાન ઉપાડવામાં આવેલ છે. ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત ભારત સરકાર દ્વારા પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન 1954 માં થઇ હતી. 1981 ની વસ્તી ગણતરીની સ્થિતિએ ભારતમાં ગ્રામીણ સ્વચ્છતાનું કવરેજ માત્ર 1 ટકા જેટલું જ હતું. પેયજળ અને સ્વચ્છતાનો આંતરરાષ્ટ્રીય દસકો 1981 – 1990 દરમ્યાન ગ્રામીણ સ્વચ્છતા પર ભાર મુકવાની શરૂઆત થઇ.

**ભારત સરકાર દ્વારા ગંદકીના પ્રશ્નને દૂર કરવા માટે વ્યક્તિગત અને જાહેર શૌચાલય બનાવવા માટે 1986 થી યોજના અમલમાં મૂકી.**

**4.1 કેન્દ્રિય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ (CSRP)**

કેન્દ્રિય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ (CSRP) ની શરૂઆત 1986 માં કરવામાં આવી. જેનો હેતુ સ્વચ્છતા દ્વારા ગ્રામીણ લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનો હતો. સ્વચ્છતા દ્વારા ગોપનીયતા

પૂરી પાડવી, મહિલાઓનું ગૌરવ સાચવવું, ગ્રામીણ વિસ્તારમાં યોગ્ય સ્વચ્છતાની સુવિધા પૂરી પાડવાનો બહુવિધ આશય હતો.

**4.2 સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (TSC)**

સ્વચ્છતાના ખ્યાલને વધુ વિશાળ બનાવી, વ્યક્તિગત સ્વચ્છતા, ઘર સ્વચ્છતા, સલામત પાણી, ગટર, મળ નિકાલ, ખરાબ-ગંદા પાણીનો નિકાલ વગેરે બાબતોને આવરી લઇને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (TSC) ની શરૂઆત 1999 માં થઇ. વ્યક્તિગત શૌચાલય, સામુદાયિક સ્વચ્છતા કોમ્પલેક્ષ, સંસ્થીકૃત શૌચાલય, ઘન અને પ્રવાહી ગંદા પાણીનું તંત્ર તથા બાંધકામ આ યોજનામાં આવરી લેવામાં આવેલ. આ અભિયાનના અમલીકરણમાં પંચાયતી રાજ સંસ્થાઓ તથા સમુદાય આધારીત સંસ્થાઓ (CBO) ની ભૂમિકા મહત્વની હતી. TCS એ જરૂરિયાત આધારીત અભિગમ અનુસારનો કાર્યક્રમ હતો. જેમાં માહિતી શિક્ષણ પ્રત્યાયન(IEC), માનવ સંસાધન વિકાસ, ક્ષમતા વર્ધનની પ્રવૃત્તિઓ અને ગ્રામીણ લોકોની જાગૃતિમાં વૃદ્ધિ, લોકોના ક્ષમતાવર્ધન દ્વારા સમૂચિત વિકલ્પની પસંદગી પર ભાર મુકવામાં આવ્યો હતો. ગરીબી રેખા હેઠળ (BPL) જીવન જીવતા કુટુંબોને પ્રોત્સાહન આપી વ્યક્તિગત ઘરે શૌચાલયના બાંધકામ અને વપરાશને વધુ મહત્વ આપવામાં આવેલ.

**4.3 નિર્મળ ગ્રામ પુરસ્કાર**

સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનને પ્રેરણા પૂરી પાડવા માટે તથા સ્વચ્છતા અંગે જાગૃતિ પેદા કરવા ભારત સરકાર દ્વારા સંપૂર્ણ સ્વચ્છ અને ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) ગ્રામ પંચાયત, તાલુકો, જિલ્લો તથા રાજ્યને નિર્મળ ગ્રામ પુરસ્કારથી નવાજવાની શરૂઆત થઇ. સ્વચ્છતાના પ્રયત્નોને ઓળખી ગામને ખુલ્લામાં શૌચમુક્ત બનાવી નિર્મળ ગામનો દરજ્જો આપવાની શરૂઆત થઇ.

**4.4 નિર્મળ ભારત અભિયાન (NBA)**

**નિર્મળ ભારત અભિયાન (NBA) એ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (TCS) નો અનુગામી કાર્યક્રમ છે. જેની શરૂઆત 1, એપ્રિલ, 2012 થી કરવામાં આવી. જેનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાના કવરેજને વેગ આપવાનો હતો. આ અભિયાન અંતર્ગત ગ્રામીણ સમુદાયને વ્યાપકપણે આવરી લઇને નવીન વ્યૂહરચનાઓ અને સંતૃપ્તિ કાર્યક્રમ દ્વારા સમગ્ર સમુદાયને આવરી લઇને નિર્મળ ગ્રામ પંચાયતો બનાવવામાં આવી. નિર્મળ ભારત અભિયાનમાં વ્યક્તિગત આવાસ શૌચાલયને પ્રોત્સાહન આપી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ અંતર્ગત સહાય મેળવવાની શરૂઆત થઇ.નિર્મળ ભારત અભિયાન (NBA)ની શરૂઆત 2012 માં કરવામાં આવેલ. જેને 2 ઓક્ટોબર, 2014 માં પુનઃસંશોધિત કરી સ્વચ્છ ભારત મિશન (SBM) કાર્યક્રમ બનાવવામાં આવ્યું. ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા આ શરૂઆત કરવામાં આવી.**

**4.5સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) – SBM-G**

**15, ઓગસ્ટ, 2014 ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લેથી પોતાના પ્રવચનમાં ગંદકી તથા ખુલ્લામાં હાજત જવા વિરુદ્ધ યુદ્ધ લડવા અને 2, ઓક્ટોબર, 2019 સુધીમાં ભારતને સ્વચ્છ અને ખુલ્લામાં હાજત મુક્ત ભારત બનાવવાનું આહવાન કરેલ. 2, ઓક્ટોબર, 2019 ની તારીખ એટલા માટે વિશેષ મહત્વ ધરાવે છે કારણ કે, આ દિવસે મહાત્મા ગાંધીની 150મી**

**જન્મજ્યંતિ હશે કે જેઓ સ્વચ્છતા અને આરોગ્યના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરનાર પહેલા મહાન નેતા હતા. પાંચ વર્ષના સમયગાળામાં ભારતને ખુલ્લામાં હાજતમુક્ત કરવાનો નિર્ણય એક સાહસિક પગલું છે. સ્વચ્છતાના આ રાષ્ટ્રીય આંદોલનનો આશય માત્ર સાફ સફાઇ નથી પરંતુ તેની પાછળ સામાજિક - આર્થિક આશય પણ સમાયેલ છે. સરકારે લોકોને પોતાની આસપાસના પર્યાવરણને સ્વચ્છ રાખવા તથા ભાગીદાર બનાવવા રાષ્ટ્ર વ્યાપી સ્વચ્છતા અભિયાન ઉપાડવામાં આવેલ છે.**

સ્વચ્છ ભારત મિશન એ વર્તન પરિવર્તનનો વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતાનો કાર્યક્રમ છે. ગ્રામીણ સમુદાયને ગતિશીલ બનાવી સાચા અર્થમાં સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ જન આંદોલનમાં પરિવર્તિત થઇ રહ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં સ્વચ્છ ભારત મિશને (ગ્રામીણ) મહત્વપૂર્ણ પ્રગતિ સાધી છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) કાર્યક્રમની શરૂઆત 2, ઓક્ટોબર, 2014 થી કરવામાં આવી. મિશનનો હેતુ 2019 સુધીમાં એટલે કે પાંચ વર્ષમાં દેશને ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) બનાવવા માટે 2,00,000 કરતા વધુ રાહતદરના શૌચાલય બનાવવામાં આવશે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નું લક્ષ્ય સમગ્ર ગ્રામીણ ભારતમાં 2, ઓક્ટોબર, 2019 સુધીમાં પ્રાપ્ત કરવાનું છે. સમગ્ર ગ્રામીણ કુટુંબો પાસે પોતાનું શૌચાલય હોય. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને સ્વચ્છતાની સુવિધા પૂરી પાડવાની ખાસ જોગવાઇ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)માં કરવામાં આવી છે.

સાર્વત્રિક સ્વચ્છતાનું કવરેજ અને સલામત સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયાસોને વેગ આપવા માટે ભારતના વડાપ્રધાને સ્વચ્છ ભારત મિશન (SBM) ની શરૂઆત 2, ઓક્ટોબર, 2014 માં કરી. આ મિશનના કો-ઓર્ડિનેટર પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના સેક્રેટરી હોય છે. આ મિશનના બે પેટા મિશન છે (1) સ્વચ્છ ભારત SBM મિશન (ગ્રામીણ) અને (2) સ્વચ્છ ભારત મિશન (શહેરી). જેનો હેતુ 2 ઓક્ટોબર, 2019 સુધીમાં મહાત્મા ગાંધીની 150મી જન્મજ્યંતિએ શ્રદ્ધાંજલી આપવા ભારતને સ્વચ્છ કરવાનો છે.

- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)SBM-G ના હેતુઓ

1. ખુલ્લામાં શૌચને નાબૂદ કરી સ્વચ્છતા અને તંદુરસ્તી દ્વારા ભારતના ગ્રામ્ય વિસ્તારના લોકોની જીવનની ગુણવત્તામાં સુધારણા લાવવી.
2. ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાના કવરેજને ઝડપી બનાવી સ્વચ્છ ભારતનું સ્વપ્ન 2, ઓક્ટોબર, 2019 સુધીમાં સિદ્ધ કરવું.
3. ટકાઉ સ્વચ્છતા પદ્ધતિઓ અને સવલતો વિશે જાગૃતિ અને આરોગ્ય શિક્ષણ દ્વારા સમુદાય અને પંચાયતી રાજ સંસ્થાઓને પ્રેરિત કરવી.
4. પરિસ્થિતિકીય સલામતી અને ટકાઉ સ્વચ્છતા માટે અસરકારક ખર્ચ અને સમુચિત ટેકનોલોજીને પ્રોત્સાહિત કરવી.
5. ગ્રામ્ય વિસ્તારમાં સંપૂર્ણ સ્વચ્છતા માટે જરૂર હોય ત્યાં સમુદાય દ્વારા સંચાલિત સ્વચ્છતા તંત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી વૈજ્ઞાનિક ઢબે ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપનનું તંત્ર વિકસીત કરવું.

6. સીમાંત સમુદાયોમાં સ્વચ્છતાની સ્થિતિ સુધારવા લિંગ (Gender) અને સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપી નોંધપાત્ર હકારાત્મક અસરોનું સર્જન કરવું.

15, સપ્ટેમ્બર, 2017 થી 2, ઓક્ટોબર, 2017 ‘સ્વચ્છતા હી સેવા’ પખવાડીયાની શરૂઆત કરવામાં આવી. આ પખવાડીયાના સમયગાળા દરમ્યાન સમાજના તમામ વર્ગો, મંત્રાલય, સંસદ સભ્યો, કેન્દ્ર તથા રાજ્ય સરકારના અધિકારીઓ, સેલિબ્રિટીઝ, સંગઠનો, કંપનીઓ, સ્થાનિક નેતાઓ તથા નાગરિકો શ્રમદાન કરી સ્વયંને સ્વચ્છતા પ્રત્યે સમર્પિત કરશે.

2, ઓક્ટોબર, 2014 સુધીમાં ભારતમાં વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમો અંતર્ગત 804.61 લાખ શૌચાલય બાંધવામાં આવેલ. જ્યારે 2018 સુધીમાં 1,02,15,873 શૌચાલય બનાવવામાં આવ્યા. ભારતના 421 જિલ્લાઓને ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) જાહેર કરવામાં આવ્યા. 1,82,825 ગ્રામ પંચાયત ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કરવામાં આવી અને 4,13,461 ગામડા ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કરવામાં આવ્યા ( http://sbm.gov.in/sbmreport/home.aspx).

**5. ભારતમાં ગ્રામીણ સ્વચ્છતાની સ્થિતિ : આંકડાકીય હકીકતો**

2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં 6,40,930 ગામડાંઓ આવેલા છે. જ્યારે ગુજરાતમાં 18225 ગામડાંઓ આવેલા છે. 68.84 ટકા વસ્તી ગામડામાં વસવાટ કરે છે.

1. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં 67.3 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે. જ્યારે શહેરમાં 12.6 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે.
2. પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના બેઝલાઇન સર્વેક્ષણ અનુસાર ઓક્ટોબર, 2014 સુધી ભારતમાં 55 કરોડ લોકો ખુલ્લામાં શૌચ માટે જતા હતા. જેમાં જાન્યુઆરી, 2018 સુધીમાં 25 કરોડનો ઘટાડો થયો છે.
3. વિશ્વના આંકડાઓની સરખામણી કરતા માલુમ પડે છે કે ખુલ્લામાં શૌચની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તાજેતરના યુનિસેફ અને ડબલ્યુ.એચ.ઓ. ના અભ્યાસ અનુસાર દુનિયામાં 1 અબજ લોકો ખુલ્લામાં શૌચ ક્રિયા કરે છે. તેમાંના 82 ટકા લોકો 10 દેશોમાં વસવાટ કરે છે. ખુલ્લામાં શૌચ કરતા 600 મિલિયન લોકોના એટલે કે 60 ટકા લોકો ભારતના છે. અન્ય દેશોમાં ઇન્ડોનેશીયા, પાકિસ્તાન, નાઇજીરીયા, ઇથોપિયા, સુદાન, નાઇજર, નેપાળ, ચીન અને મોઝામ્બિકનો સમાવેશ થાય છે.
4. શૌચાલયની સુવિધાના અભાવના લીધે ભારતમાં 200 મિલિયન સ્ત્રીઓએ અંધારામાં શૌચ માટે જવાની રાહ જોવી પડે છે.
5. ગુજરાતમાં અડધાથી વધુ કુટુંબોમાં શૌચાલયની સુવિધાનો અભાવ છે. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતના 1.20 કરોડ કુટુંબોમાંથી 47.25 ટકા કુટુંબો પાસે સંડાસની સુવિધા નથી.
6. અહેવાલ અનુસાર શૌચાલય ધરાવતા 15 ટકા ગુજરાતના ઘરોમાં શૌચાલયની સુવિધા હોવા છતાં તેનો ઉપયોગ કરતા નથી અથવા ચાલુ હાલતમાં નથી.
7. ભારતના 20.56 ટકા ઘરોના શૌચાલય કાર્યરત સ્થિતિમાં નથી.
8. 2.07 ટકા સરકારી શાળામાં અને 3.62 ટકા ખાનગી શાળામાં શૌચાલયની સુવિધા નથી.

9. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં 49.8 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે જ્યારે 63.2 ટકા ઘરોમાં ટેલિફોન કનેક્શન છે. તેમાંના 53.2 ટકા લોકો પાસે મોબાઇલની સુવિધા છે પરંતુ શૌચાલયની સુવિધા નથી (WHO અને UNICEF ના)
10. યુનિસેફ અને ડબલ્યુ. એચ.ઓ. ના અહેવાલ અનુસાર વિશ્વની વસ્તીના 4.5 બિલિયન લોકો એટલે કે લગભગ 60 ટકા લોકોના ઘરે શૌચાલયની સુવિધા નથી અથવા સલામત રીતે મળના નિકાલની વ્યવસ્થા નથી.
11. વિશ્વમાં 862 મિલિયન લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે.
12. 1.8 બિલિયન લોકોના પીવાના પાણીનો સ્રોત સલામત નથી, મળના દૂષણથી સુરક્ષિત નથી.
13. વિશ્વમાં 80 ટકા ખરાબાનું પાણી છે. કોઇપણ પ્રકારની ટ્રીટમેન્ટ કર્યા વગર ઇકો સિસ્ટમમાં પુનઃઉપયોગ કરવામાં આવે છે.
14. સલામત પાણી, સારી આરોગ્યપ્રદ સુવિધાઓ, સુધારેલ સ્વચ્છતા સુવિધાથી વિશ્વમાં 8,42,000 મૃત્યુને અટકાવી શકાય.
15. માત્ર ઝાડાના કારણે વર્ષે 4 લાખ લોકોના મૃત્યુ થાય છે. જેમાંના 90 ટકા બાળકો છે.
16. એક અભ્યાસ અનુસાર વિશ્વમાં 2.6 બિલિયન લોકો પાસે સ્વચ્છતાની સુવિધા નથી.
17. મૂળભૂત રીતે વ્યક્તિગત આરોગ્ય અને આરોગ્યપ્રદ સ્થિતિનો આધાર પેયજળ અને સુયોગ્ય સ્વચ્છતાની સ્થિતિ પર નિર્ભર કરે છે. યુ.એન. નો અહેવાલ જણાવે છે કે વિશ્વભરમાં 1 અબજથી વધુ લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે.
18. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતના 30.7 ટકા ગ્રામ્ય કુટુંબો પાસે શૌચાલયની સુવિધા છે જ્યારે મોબાઇલની સુવિધા 51 ટકા કુટુંબો પાસે છે.

**કોષ્ટક નં. – 1**

**કોષ્ટકનું નામ : ભારતના ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાં શૌચાલયની સુવિધા અને પરિવર્તન**

| ક્રમ | વિગત | **2011** | **2001** |
|---|---|---|---|
| 1 | કુલ કુટુંબો | 167.8 મિ. | 138.3 મિ. |
| 2 | શૌચાલયની સુવિધા ન હોય તેવા કુટુંબો | 116.3 મિ. (69.3 ટકા) | 108.0 મિ. (78.1 ટકા) |
| 3 | શૌચાલયની સુવિધા ધરાવતા કુટુંબો | 51.6 મિ. (30.7 ટકા) | 30.3 (21.9 ટકા) |

(સ્રોત : વસ્તી ગણતરી 2001 અને 2011).

**ઉપરોક્ત કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે 2011ની વસ્તી ગણતરી અનુસાર 116.3 મિલિયન એટલે કે 69.3 ટકા ગ્રામ્ય કુટુંબો પાસે શૌચાલયની સુવિધા નથી. જ્યારે 2001 ની વસ્તી ગણતરી અનુસાર 108.0 મિલિયન એટલે કે 78.1 ટકા ગ્રામ્ય કુટુંબો પાસે શૌચાલયની સુવિધા નથી. જ્યારે 2011 ની વસ્તી ગણતરી મુજબ 30.7 ટકા ગ્રામ્ય કુટુંબો પાસે શૌચાલયની સુવિધા છે. આથી કહી શકાય કે ભારતના ગ્રામ્ય વિસ્તારમાં શૌચાલયની પ્રગતિ ધીમી છે. ખુલ્લામાં શૌચ એ ગ્રામ્ય વિસ્તારની ગંભીર સમસ્યા છે.**

**કોષ્ટક નંબર – 2**

**કોષ્ટકનું નામ : ભારતમાં શૌચાલયની સુવિધાની ઉપલબ્ધતા અને પ્રકાર : 2001 અને 2011**

| ક્રમ | વિગત | ગ્રામ્ય | | શહેરી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | 2011 | 2001 | 2011 | 2001 | 2011 | 2001 |
| 1 | પાણીની સુવિધાવાળા શૌચાલય | 19.4 | 7.1 | 72.6 | 46.1 | 36.4 | 18.0 |
| 2 | ખાડાવાળા શૌચાલય | 10.5 | 10.3 | 7.1 | 14.6 | 9.4 | 11.5 |
| 3 | અન્ય શૌચાલય | 0.8 | 4.5 | 1.7 | 13.0 | 1.1 | 6.9 |
| 4 | શૌચાલયની સુવિધા નથી | 69.3 | 78.1 | 18.6 | 26.3 | 53.1 | 63.6 |
| | કુલ કુટુંબો | 167826730 | 138271559 | 78865937 | 53692376 | 246692667 | 191963935 |

(સ્ત્રોત – વસ્તી ગણતરી 2001 અને 2001).

ઉપરોક્ત કોષ્ટકનું અર્થઘટન કરતા સ્પષ્ટ થાય છે કે ભારતમાં 2011 ની વસ્તી ગણતરી અનુસાર 53.1 ટકા કુટુંબો પાસે શૌચાલયની સુવિધા નથી. જેમાંના 69.3 ટકા ગ્રામીણ કુટુંબો પાસે શૌચાલયની સુવિધાનો અભાવ જોવા મળે છે. શહેરી કુટુંબોની સરખામણીએ ગ્રામીણ કુટુંબોમાં શૌચાલયની સુવિધા ઓછી જોવા મળે છે. સ્વાભાવિક રીતે ખુલ્લામાં શૌચનું પ્રમાણ ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળે છે. 2001 ની વસ્તી ગણતરીની સરખામણીએ 2011 ની વસ્તી ગણતરીમાં સ્વચ્છતાની સ્થિતિમાં પ્રગતિ જોવા મળે છે પરંતુ પ્રગતિ ધીમી છે.

સ્વચ્છતા સ્થિતિ અહેવાલ – 21016 NSSO દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો. જે જુલાઇ, 2014 થી જૂન, 2015ના સમયગાળા દરમ્યાન 72 મો રાઉન્ડ હતો. સ્વચ્છતાની સ્થિતિનું સર્વેક્ષણ ભારતના 3788 ગામ અને 2907 શહેરોને આવરી લઇને કરવામાં આવેલ. જેમાં 73176 ગ્રામ્ય કુટુંબોને તથા 41538 શહેરી કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ.

નેશનલ સેમ્પલ સર્વેના અહેવાલ – 2016 અનુસાર દેશની 50 ટકા કરતા વધુ ગ્રામ્ય વસ્તી ખુલ્લામાં શૌચ માટે જાય છે. સર્વેક્ષણ અનુસાર 45.3 ટકા ગ્રામ્ય ઘરોમાં શૌચાલયની સુવિધા હતી. જ્યારે શહેરી વિસ્તારમાં શૌચાલયની સુવિધા 88.8 ટકા જોવા મળી હતી. શૌચાલયની વધુ સુવિધા ધરાવતા રાજ્યોમાં સિક્કિમમાં 98.2 ટકા, કેરલમાં 97.6 ટકા અને મિઝોરમમાં 96.2 ટકા છે. જ્યારે શૌચાલયની ઓછી સુવિધા ધરાવતા રાજ્યોમાં ઝારખંડમાં 18.8 ટકા, છત્તીસગઢમાં 21.2 ટકા અને ઓરિસ્સામાં 26.3 ટકા છે.

સર્વેક્ષણ અનુસાર 3788 ગામોમાંથી 13.1 ટકા ગામમાં સામુદાયિક શૌચાલય હતા. જેમાંના 1.7 ટકા ગામમાં સામુદાયિક શૌચાલય હતા પરંતુ તેનો ઉપયોગ કરવામાં આવતો ન હતો. ગ્રામીણ

વિસ્તારમાં 45.3 ટકા કુટુંબો પાસે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. 95.5 ટકા લોકો તેનો ઉપયોગ કરે છે. ગ્રામ્ય વિસ્તારના 55.4 ટકા કુટુંબો અને 52.1 ટકા લોકો ખુલ્લામાં શૌચ માટે જાય છે.

**6. સ્વચ્છતાની ખરાબ સ્થિતિની ગ્રામીણ સમુદાય પર અસરો**

1. **આરોગ્ય પર અસરો :**

- ડબલ્યુ.એચ.ઓ.ના અહેવાલ અનુસાર 1 ગ્રામ મળમા લગભગ 1,00,00,000 વાઇરસ, 10,00,000 બેક્ટેરીયા, 1,000 પરોપજીવી અને 100 પરોપજીવીના ઇંડા જોવા મળે છે.
- ડબલ્યુ.એચ.ઓ.ના મતે વિકાસશીલ દેશોમાં 80 ટકા રોગો સલામત પીવાનું પાણી, અપૂરતી સ્વચ્છતા અને નબળી સ્વચ્છતાની સ્થિતિના મર્યાદાના લીધે થાય છે.
- ખુલ્લામાં શૌચ અથવા સ્વચ્છતાનો અભાવ વિવિધ રોગો માટે જવાબદાર પરિબળ છે. જેવા કે ઝાડા, આંતરડાના કૃમિ, ટાઇફોઇડ, કોલેરા, પોલિયો, કમળો વગેરે.
- ખુલ્લામાં શૌચથી રોગ અને ગરીબીનું વિષચક્ર કાયમી બની રહે છે.
- પીવાના પાણી તથા ખોરાક સાથે ભળવાથી પાણીજન્ય રોગો થાય છે.

2. **બાળકો અને મહિલાઓ પર અસરો**

- યુનિસેફના અંદાજ અનુસાર સ્વચ્છતાની મર્યાદાના લીધે ભારતમાં દર વર્ષે 1,00,000 બાળકોનાં મૃત્યુ થાય છે.
- ચેપી ઝાડાના કારણે 2011 માં 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાંથી 0.7 મિલિયન બાળકોના મોત થયા હતા. 250 મિલિયન બાળકોએ શાળાએ જવાનું ટાળ્યું હતું. જેના લીધે બાળકો કુપોષણનો શિકાર બને છે અને તેની વૃદ્ધિ પર માઠી અસર થાય છે. ખુલ્લામાં શૌચ એ ઝાડાના લીધે થતા મૃત્યુનું મુખ્ય કારણ છે. 5 વર્ષથી નાની વયના 2000 બાળકોના દરરોજ મૃત્યુ થાય છે. એટલે કે દર 40 સેકન્ડે 1 બાળકનું મૃત્યુ થાય છે.
- જે દેશોમાં ખુલ્લામાં શૌચ ક્રિયા કરવામાં આવે છે ત્યાં 5 વર્ષથી નીચેની વયના બાળકોમાં સૌથી વધુ મૃત્યુ થાય છે. તેમજ કુપોષણનું સ્તર ઊંચુ જોવા મળે છે. અને ગરીબીનું સ્તર પણ ઊંચુ જોવા મળે છે. ગરીબ અને અમીર વચ્ચે વિશાળ અસમાનતા ઊભી થાય છે.
- વિશ્વ બેંકના અનુમાન અનુસાર ભારતના લગભગ 40 ટકા બાળકો શારીરિક તથા માનસિક રૂપથી અવિકસિત છે. જેનું મુખ્ય કારણ સ્વચ્છતાની નબળી સ્થિતિના લીધે થતા ઝાડા છે.
- સ્વચ્છતાની નબળી સ્થિતિનો ભોગ સૌથી વધુ બાળકો અને મહિલાઓ બને છે. ખુલ્લામાં શૌચ માટે જવાથી વિવિધ રોગ અને તેના ચેપનું જોખમ વધી જાય છે. તેઓ રોગના ભોગ તથા વાહક બને છે.
- શાળામાં શૌચાલયની સુવિધાના અભાવના લીધે છોકરીઓ ડ્રોપ આઉટ થઇ જાય છે.
- સલામત ખાનગી શૌચાલયની સુવિધાના અભાવે મહિલાઓ હિંસા, બળાત્કાર, છેડતીનો ભોગ બને છે. આ માટે મહિલાઓ રાત્રિના અંધારાનો સમય ખુલ્લામાં શૌચ માટે એકાંત સ્થળ શોધે છે. રાત્રિના અંધારા સુધી રાહ જોવી પડે છે. મહિલાઓને સૂર્યોદય પહેલા અથવા સૂર્યાસ્ત પછી શૌચાલય માટે જવું પડે છે.
- 5 વર્ષથી નાની વયના બાળકોને સ્વચ્છતાની સીધી અસર થાય છે. બાળકોની રોગપ્રતિકારક શક્તિ સારી હોતી નથી. ખરાબ સ્વચ્છતાની સ્થિતિના લીધે રોગોના ભોગ બને છે.

વિકાસશીલ દેશોમાં દર વર્ષે 1.5 મિલિયન બાળકોના મૃત્યુ માત્ર ઝાડાના કારણે થાય છે. બાળકોના મૃત્યુ માટે ઝાડા એ બીજા નંબરનો રોગ છે.લાંબાગાળાના કુપોષણના લીધે બાળકોનો વિકાસ રૂંધાય છે. બાળક વારંવાર બીમાર પડવાથી શાળાએ જઈ શકતું નથી. બીજાને ચેપ ફેલાવે છે. શૌચાલયના અભાવે તરુણીઓ માસિક ધર્મના દિવસોમાં શાળાએ જતી નથી. ખુલ્લામાં હાજતે જવામાં શરમ, ભય, કનડગતનો સામનો કરવો પડે છે.

3. **આર્થિક અસરો**

- યુનિસેફના અભ્યાસ મુજબ ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) ગામમાં વસવાટ કરતું કુટુંબ દર વર્ષે 50,000 રૂપિયાની બચત કરે છે. રોગોની સારવાર પાછળ ખર્ચ કરવો પડતો નથી અને બિમાર પડ્યા વગર જીવન બચાવે છે.
- યુનિસેફના અહેવાલ અનુસાર અપૂરતી સ્વચ્છતાની સુવિધાની ભારતીય અર્થતંત્ર પર ખરાબ અસર પડે છે. 2.4 ટ્રિલિયન રૂપિયાનો ખર્ચ થાય છે.
- અર્થતંત્ર પર માઠી અસર થાય છે.ખર્ચમાં વધારો થાય છે.
- ગંદકીના લીધે દેશે ભારે આર્થિક કિંમત ચૂકવવી પડે છે. કારણ કે તેના લીધે આપણી ભાવિ પેઢીઓને શારીરિક, માનસિક વિકાસ ન થવાથી ઉદ્યોગોને પૂર્ણ સક્ષમ કાર્યબળ પ્રાપ્ત થતું નથી. સ્વચ્છતાની આર્થિક અસર પરનો યુનિસેફના અભ્યાસ અનુસાર ખુલ્લામાં હાજત મુક્ત (ODF) ગામની પ્રત્યેક કુટુંબની પ્રતિ વર્ષે 50,000 બચત થાય છે. આ બચતથી દવાખાના પાછળના ખર્ચમાં ઘટાડો થાય છે. ઉપરાંત મહિલાઓની સુરક્ષા તથા ગરિમાનો મુદ્દો પણ તેની સાથે જોડાયેલ છે.

4. **પર્યાવરણ પર અસરો**

- શૌચાલયનું દૂષિત પાણી અને ઘર વપરાશનું દૂષિત પાણી ભૂગર્ભ જળને પ્રદૂષિત કરે છે. જો તકનીકી કાળજી રાખવામાં ન આવે તો હેન્ડ પંપ, કુવા, બોરના પાણીને પ્રદૂષિત કરે છે. જે પાણીનો ઉપયોગ લોકો પીવા માટે કરતા હોય છે.
- સ્વચ્છતાની ખરાબ સ્થિતિની પર્યાવરણ પર સીધી અસર થાય છે. હવા, પાણી, જમીનનું પ્રદુષણ થાય છે. દરિયાઈ જીવ સૃષ્ટિ સામે મોટો ખતરો પેદા થાય છે.

આમ બિનઆરોગ્યપ્રદ સ્વચ્છતાની અસરો ઘણી ગંભીર છે. જેવી કે આરોગ્ય, સલામતી, માનસિક, સામાજિક તથા આર્થિક પડકાર, વ્યક્તિગત સલામતી વગેરે.

**7. ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતાની ખરાબ સ્થિતિના કારણો અને પડકારો**

ભારતીય સંદર્ભમાં ખુલ્લામાં શૌચ માટે ઘણા કારણો જવાબદાર છે. જેવા કે નબળી આર્થિક સ્થિતિ, ગરીબી, સાંસ્કૃતિક રીતે સ્વીકાર્યતાનો અભાવ, પાણીની તંગી, ગટરનો અભાવ, જાગૃતિનો અભાવ, ભૌગોલિક મર્યાદા, લોકોની માનસિકતા, પવિત્રતા-ગંદકીનો ખ્યાલ, શૌચાલયની રચના અને માળખું ઉપયોગકર્તા માટે અનુકૂળ ન હોય, શૌચાલયની સુવિધાનો અભાવ, અપૂરતી નાણાંકીય સહાય, પરંપરાગત કારણો, માન્યતાઓ, પંચાયતી રાજ, સંસ્થાઓને તકનીકી સહાયનો અભાવ, ઓછી નાણાંકીય સહાય, કુશળ સ્ટાફનો અભાવ, નીચો સાક્ષરતા દર વગેરે.

**8. ઉપાયો**

1. ભારતમાં સ્વચ્છતા એ મુખ્યત્વે વર્તનનો મુદ્દો છે. લોકોનું માઇન્ડ સેટ બદલ્યા વગર ખુલ્લામાં શૌચ બંધ કરી શકાય નહી અને તે માટે સલામત સ્વચ્છતા માટેનો વ્યવહાર અપનાવવો.
2. પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સમૂહ માધ્યમ દ્વારા બે ખાડાવાળા શૌચાલય બનાવવાની ભલામણ કરવામાં આવે છે તેનું પાલન કરવું. જે સાફ કરવામાં સરળ છે, ભૂગર્ભ જળને પ્રદૂષિત કરતું નથી અને સલામત છે.
3. માત્ર સિમેન્ટના માળખા ન બાંધતા સ્વચ્છતાની બાબતમાં લોક જાગૃતિ, લોક શિક્ષણ, વર્તન-પરિવર્તન અને સ્વીકાર્યતા આવશ્યક છે.
4. સ્વચ્છ ભારત બનાવવાનું કામ માત્ર સરકારનું નથી, પરંતુ તેની સાથે લોકો, NGO, ઔદ્યોગિક એકમો તથા કર્મશીલોએ સહિયારો પ્રયાસ કરવો પડશે.
5. સ્વચ્છતાના વિષય સંદર્ભે સર્વેક્ષણ અભ્યાસો હાથ ધરી જરૂરિયાત મુજબ લાભાર્થીની પસંદગી કરી શૌચાલયની સુવિધા પૂરી પાડવી.
6. માત્ર નવા શૌચાલય બનાવવા તરફ ધ્યાન ન કેન્દ્રિત કરતા બનાવવામાં આવેલા શૌચાલયનો ઉપયોગ કરવામાં આવે તથા મરામતનું કામ હાથ ધરવામાં આવે.
7. શૌચાલય બનાવવા માટે સરકાર તરફથી લાભાર્થીને વહીવટી મુશ્કેલીઓ ન પડે તથા નાણાં ત્વરીત અને પૂરતા આપવામાં આવે.
8. સ્વચ્છતાના કાર્યક્રમના આયોજન, અમલીકરણ, દેખરેખ અને મૂલ્યાંકન માટે સ્થાનિક સ્તરે સત્તા આપવામાં આવે. વિકેન્દ્રિકરણનો અભિગમ અપનાવવો.
9. સ્થાનિક સ્તરે સ્વીકૃત, ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક સ્થિતિને અનુરૂપ શૌચાલયની રચના, માળખું અને મોડેલ વિકસિત કરવું.
10. પાણીનો પુરવઠો નિયમિત મળે, ગટર સાથેનું જોડાણ ઊભું કરવું.
11. સ્વચ્છતા કાર્યક્રમની સ્થાનિક લોકોની ભાગીદારી દ્વારા નિયમિત સમીક્ષા હાથ ધરવામાં આવે.
12. સ્વચ્છતા કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે અલગથી તંત્ર ઊભું કરવામાં આવે,
13. ઔદ્યોગિક સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) સાથે સંકલન સાધી સ્વચ્છતાના કાર્યક્રમ માટે તેમને પ્રેરિત કરવા.
14. સ્વચ્છતાના સંદર્ભમાં પ્રેરણા – પ્રવાસનું આયોજન કરવું.
15. સ્વચ્છતા અંગે માહિતી, શિક્ષણ અને સંદેશા વ્યવહાર (IEC) નું નિર્માણ કરવું.
16. શૌચાલયનો ઉપયોગ કરવા માટે લોકોની ભાગીદારી ઊભી કરી ખુલ્લામાં શૌચ જતા લોકોને શિક્ષા કરવી.
17. સ્વચ્છતા કાર્યક્રમનું અમલીકરણ કરનાર સ્ટાફને તાલીમ આપી કુશળ બનાવવા.
18. શૌચાલય બનાવવા માટે લાભાર્થીને દબાણ ન કરતા પ્રેરિત કરવા.
19. શૌચાલયની સાર્વત્રિક ડિઝાઇન ન બનાવતા વિકલ્પો આપવા.
20. સ્વચ્છતા કાર્યક્રમ માટે નાણાંકીય ભંડોળ પ્રાપ્ત કરવા માટે દાતાઓને અપીલ કરવી.

21. સ્વચ્છતા કાર્યક્રમ માટે શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની હોવાથી તેમની સામેલગીરી વધારવી.
22. સુક્ષ્મ સ્તરનું ગ્રામીણ આયોજન બનાવવું.
23. વર્તન – પરિવર્તન પ્રત્યાયનને મજબૂત બનાવવું.
24. સ્વચ્છતા કાર્યક્રમનું અમલીકરણ કરનાર વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલન સાધવું.
25. કડિયાઓને તાલીમ આપી તકનીકી સહાય પૂરી પાડવાની વ્યવસ્થા કરવી.
26. સ્વચ્છતાના કાર્ય માટે સમય મર્યાદા નક્કી કરવી.
27. સ્વચ્છતા કાર્યક્રમ અંગે વિશિષ્ટ કાર્ય બદલ પુરસ્કારથી નવાજવા.

**9. સમાપન**

ભારત સરકારે ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) ભારત બનાવવા માટેનો પડકાર જીલ્યો છે. પરંતુ આ કામ સહેલું નથી. કારણ કે 2011 ની વસ્તી ગણતરી મુજબ 131 બિલિયન ઘરોને શૌચાલયની સુવિધા પૂરી પાડવી પડે તેમ છે. ભારતને સ્વચ્છ બનાવવા માટે પાયાગત માળખાના વિકાસની સાથેસાથે સૌથી મહત્વપૂર્ણ પડકારજન્ય કાર્ય સ્વચ્છતા પ્રત્યે લોકોની માનસિકતા બદલવાનું છે. આ માટે સ્વચ્છતા એ માત્ર સરકાર કે સરકારી વિભાગોની જવાબદારી ન માનતા તમામની જવાબદારી માની તેને લોક આંદોલનનું સ્વરૂપ આપવું પડશે.

ભારત દેશ માટે વિશાળ વસ્તીની સામે પાયાની સુવિધા મર્યાદિત છે. આથી માનવ મળના નિકાલની વ્યવસ્થા સૌથી મોટો પડકાર છે. આથી શૌચાલય બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શહેરોની સરખામણીએ ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ ખરાબ છે. માત્ર શૌચાલયનો ઉપયોગ કરવો એ એટલું સરળ કાર્ય નથી. સ્વચ્છતાની નબળી સ્થિતિને સુધારી શકે તેવા વર્તન પરિવર્તનના ખ્યાલો અને તકનીકી બાબતોને જોડવા જરૂરી છે.

ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતાના સ્તરમાં સુધારો લાવવા માટે ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવું, ગ્રામ પંચાયતને ખુલ્લામાં શૌચ મુક્ત બનાવવી, ગામને સ્વસ્થ અને આરોગ્ય પ્રદ બનાવવું. સ્વચ્છતા પાછળ સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. પરંતુ તેના અસરકારક પરિણામો જોવા મળતા નથી.

10. સંદર્ભ ગ્રંથ


1. Census of India: Post Enumeration Data. (n.d.). Census of India Website: Office of the Registrar General & Census Commissioner, India.http://www.censusindia.gov.in/2011census/hlo/pca_highlights/pe_data. Html
2. http://www.censusindia.gov.in/Census_Data_2001/India_at_Glance/admn.aspx
3. CENSUS OF INDIA 2011 AVAILABILITY AND TYPE OF LATRINE FACILITY: 2001-2011
4. Evaluation on Rural Sanitation. (2012). New Delhi: Planning Commission. Water Sanitation Health. (n.d.). World Health Organization. Retrieved November 1, 2012, from http://www.who.int/water_sanitation_health
5. https://en.wikipedia.org/wiki/Open_defecation#cite_note-UN2015-7
6. Guidelines for Implementation of Central Rural Sanitation Program (CRSP) During Eighth Five Year Plan. (1993). New Delhi: Ministry of Rural Areas & Employment, Government of India.
7. http://www.mdws.gov.in/sites/default/files/Menstrual%20Hygiene%20Management%20-%20Guidelines.pdf
8. Millennium Development Goals India Country Report from (http://mospi.nic.in/Mospi_New/upload/mdg_India_Country_report_3mar14.pdf)

9. Ministry of Statistics and Programme Implementation (2013): "Key Indicators of Drinking Water, Sanitation, Hygiene and Housing Condition in India", NSS 69th Round (July 2012-December 2012), National Sample Survey Office, Government of India.
10. http://msbm.gov.in/Document/(MD5)FAQ%20.pdf
11. http://msbm.gov.in/Document/(MD3)Steps%20for%20Using%20mSBM%20App.pdf
12. Nirmal Bharat Abhiyan. (n.d.). Ministry of Drinking Water Supply and Sanitation. from http://tsc.gov.in/tsc/NBA/NBAHome.aspx
13. Planning Commission (2013): Evaluation Study on Total Sanitation Campaign (Government of India: Programme Evaluation Organisation).
14. Sanitation Global Scenario. (2012). New Delhi: Secretary to Government of India, Ministry of Drinking Water Supply and Sanitation.
15. http://sbm.gov.in/sbmreport/Home.aspx
16. Swachhta Status Report 2016 National Sample Survey Office Ministry of Statistics and Programme Implementation Government of India
17. Total Sanitation Campaign Guidelines. (2007). New Delhi: Ministry of Rural Development, Government of India.
18. http://tsc.gov.in/tsc/NBA/NBAHome.aspx
19. http://tsc.gov.in/tsc/Report/Status%20Note/RptReportCardState.aspx?id=Home
20. http://www.un.org/en/events/toiletday/
21. UN-Water Global Analysis and Assessment of Sanitation and Drinking Water report (http://www.un.org/waterforlifedecade/pdf/glaas_report_2012_eng.pdf )
22. UN Water (2008): Tackling a Global Crisis: International Year of Sanitation 2008.
23. United Nations, 2011. The Millennium Development Goals report 2011. New York: United Nations.
24. WASH Facts & Figures. (2003). New York: World Health Organization (WHO).
25. WHO and UNICEF (2013): Progress on Sanitation and Drinking Water: 2013 Update (Geneva and New York WHO/UNICEF Joint Monitoring Programme for Water Supply and Sanitation).
26. World Health Organisation and UNICEF, 2010. Progress on sanitation and drinking-water: 2010 update. Geneva: WHO. http://www.who.int/water_sanitation_health/publications/9789241563956/en/ind